**પ્રધાનમંત્રીની જોર્ડન, ઇથોપિયા અને ઓમાનની મુલાકાત (15 - 18 ડિસેમ્બર, 2025)**

11 ડિસેમ્બર, 2025

જોર્ડનના મહામહિમ શાહ અબ્દુલ્લા દ્વિતીય બિન અલ હુસૈનના આમંત્રણ પર, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 15 - 16 ડિસેમ્બર, 2025 દરમિયાન જોર્ડનના હાશેમાઇટ સામ્રાજ્યની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી ભારત અને જોર્ડન વચ્ચેના સંબંધોના સમગ્ર વિસ્તારની સમીક્ષા કરવા અને પ્રાદેશિક મુદ્દાઓ પર વૈચારિક આદાન-પ્રદાન કરવા માટે મહામહિમ શાહ અબ્દુલ્લા દ્વિતીય બિન અલ હુસૈનને મળશે. બંને દેશો વચ્ચે કૂટનીતિક સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠ નિમિત્તે પ્રધાનમંત્રીની આ મુલાકાત, ભારત-જોર્ડન દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવા, પરસ્પર વિકાસ અને સમૃદ્ધિ માટે સહયોગના નવા અવસરોની શોધ કરવા તથા પ્રાદેશિક શાંતિ, સમૃદ્ધિ, સુરક્ષા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવાની તક રજૂ કરે છે.

2. મુલાકાતના બીજા તબક્કામાં, ઇથોપિયાના પ્રધાનમંત્રી મહામહિમ ડૉ. અબીય અહેમદ અલીના આમંત્રણ પર, પ્રધાનમંત્રી 16 - 17 ડિસેમ્બર, 2025 દરમિયાન ઇથોપિયા સંઘીય લોકતાંત્રિક ગણરાજ્યની રાજકીય મુલાકાત લેશે. આ પ્રધાનમંત્રી મોદીની પ્રથમ ઇથોપિયા મુલાકાત હશે. પ્રધાનમંત્રી મોદી ભારત – ઇથોપિયા દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓ પર પ્રધાનમંત્રી ડૉ. અબીય અહમદ અલી સાથે વ્યાપક ચર્ચા કરશે. ગ્લોબલ સાઉથના ભાગીદારો તરીકે, આ મુલાકાત બંને દેશોની ઘનિષ્ટ મિત્રતા તથા ગાઢ દ્વિપક્ષીય સહયોગને આગળ ધપાવવા માટેની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરશે.

3. મુલાકાતના અંતિમ તબક્કામાં, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ઓમાનના મહામહિમ સુલ્તાન હૈથમ બિન તારિકના આમંત્રણ પર 17 - 18 ડિસેમ્બર 2025 દરમિયાન ઓમાનની મુલાકાત લેશે. આ પ્રધાનમંત્રી મોદીની ઓમાનની બીજી મુલાકાત હશે. ભારત અને ઓમાન સદીઓ જૂની મૈત્રી, વેપારી સંબંધો અને લોકોથી લોકોના મજબૂત પારસ્પરિક સંબંધો પર આધારિત એક સર્વગ્રાહી વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે. પ્રધાનમંત્રીની આ મુલાકાત બંને દેશો વચ્ચે કૂટનીતિક સંબંધોની સ્થાપનાના 70 વર્ષ પૂર્ણ થવા પર તથા ઓમાનના મહામહિમ સુલ્તાનની ડિસેમ્બર 2023 માં ભારતની રાજકીય મુલાકાત બાદ થઈ રહી છે. આ મુલાકાત બંને પક્ષો માટે વેપાર, રોકાણ, ઊર્જા, સંરક્ષણ, સુરક્ષા, ટેક્નોલોજી, કૃષિ અને સંસ્કૃતિના ક્ષેત્રો સહિત દ્વિપક્ષીય ભાગીદારીની વ્યાપક સમીક્ષા કરવાની સાથે સાથે પારસ્પરિક હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર મંતવ્યોનું આદાન-પ્રદાન કરવાની તક પ્રદાન કરશે.

નવી દિલ્લી

11 ડિસેમ્બર, 2025